વડીલોને વંદન અભિનંદન



બંસીલાલ જી. સુખડીયા
(૧૯૩૫)ફોન: ૨૩૨૬૦૫૧૪

પિનાકીન લક્ષ્મીપ્રસાદ રાવલ
(૧૯૪૭)ફોન: ૨૩૨૨૨૩૩૬

મંજુલાબેન પી. ગજ્જર
(૧૯૫૩)ફોન: ૨૩૨૨૬૪૭૭

ઈન્ડિયન ઈન્સ્ટીટયૂટ ઓફ ટીચર એજયુકેશન સાથે હેલસીંકી યુનિવર્સિટીના થયેલા એમ.ઓ.યુ.ને મુખ્યમંત્રીના અભિનંદન

ગાંધીનગર, તા.૧૧

પ્રાથમિક કક્ષાથી માંડીને કોલેજ કક્ષા સુધીના વિવિધ કોર્ષ ચલાવતી હેલસીંકી યુનિવર્સિટીમાં પ્રવેશ માટે વિશ્વ સ્તરેથી ઉમેદવારો જોડાવા ઉત્સુક હોય છે ત્યારે ગાંધીનગરી આઈ.આઈ.ટી.ઈ. સંસ્થા દ્વારા હેલસીંકી યુનિ. વચ્ચે અત્યંત મહત્વના સમજૂતી કરાર મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી, શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાની ઉપસ્થિતિમાં થતાં સૌએ ઈન્ડીયન ઈન્સ્ટીટયૂટ ઓફ ટીચર એજયુકેશનના કુલપતિ ડૉ. કમલેશ જોશીપુરાને હાર્દિક અભિનંદન પાઠવ્યા છે.

વાઈબ્રન્ટ ગુજરાત અંતર્ગત ચાલી રહેલા વર્લ્ડ એકેડમી સમિટમાં ગઈ કાલે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની હાજરીમાં ઈન્ડીયન ઈન્સ્ટીટયૂટ ઓફ ટીચર એજયુકેશન અને હેલસીંકી યુનિવર્સિટી વચ્ચે ખૂબ જ મહત્વના સમજૂતી કરાર થયા હતા. મુખ્યમંત્રીની હાજરીમાં અત્યંત મહત્વના જે પાંચ જેટલા એમ.ઓ.યુ. કરવામાં આવ્યા હતા તેમાં આઈ.આઈ.ટી.ઈ.ની પસંદગી કરવામાં આવી હતી.

ઈન્ડીયન ઈન્સ્ટીટયૂટ ઓફ ટીચર એજયુકેશનના કુલપતિ ડૉ. કમલેશ જોશીપુરા અને કુલ સચિવ બિપીનભાઈ ભટ્ટ તેમજ હેલસીંકી

યુનિવર્સિટી વતી પ્રો. જેરી લેવનોન વચ્ચે આ હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. વૈશ્વિક સ્તરે ટીચર એજયુકેશન અને રીસર્ચમાં થાઈલેન્ડ મોડેલ વિશ્વ વિખ્યાત છે. આઈ.આઈ.ટી.ઈ. અને હેલસીંકી યુનિ. વચ્ચે સમજૂતી કરાર થતાં ગુજરાત રાજયને ખૂબ જ મોટો લાભ મળશે.

આઈ.આઈ.ટી.ઈ.ના કુલપતિ ડૉ. કમલેશ જોશીપુરાએ જણાવ્યું હતું કે રાજયના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ થાઈલેન્ડ મોડેલના અનુસંધાનમાં કોઈ સમજૂતી કરાર થાય તે માટે ખાસ ઈચ્છા વ્યકત કરી હતી અને ગઈ કાલે તેમાં ખૂબ જ મોટી સફળતા મળી હતી. ૧૬૪૦માં સ્થપાયેલી હેલસીંકી યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવવા માટે વૈશ્વિક સ્તરે સ્પર્ધા હોય છે ત્યારે ગાંધીનગરની આઈ.આઈ.ટી.ઈ.ના એમ.ઓ.યુ. થતાં સમગ્ર ગુજરાતને તેનો મહત્તમ લાભ મળી શકશે.

ગઈકાલે આઈ.આઈ.ટી.ઈ. અને થાઈલેન્ડ મોડેલના સમજૂતી કરાર માટે મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ સમજૂતી કરાર સમયે આઈ.આઈ.ટી.ઈ.ને ખાસ અભિનંદન આપ્યા હતા. રાજયના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, રાજયકક્ષાના મંત્રી પ્રો. વસુબેન ત્રિવેદીએ પણ અભિનંદન આપ્યા છે. સૌરાષ્ટ્ર યુનિ.ના કુલપતિ ડૉ. મહેન્દ્રભાઈ પાડલીયા અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની ટીમે પણ આઈ.આઈ.ટી.ઈ.ને અભિનંદન પાઠવ્યા હતા.

કમલેશ જોશીપુરાએ જણાવ્યું હતું કે ઈન સર્વિસ ટીચર ટ્રેનીંગ માટે થાઈલેન્ડ સાથે જોઈન્ટ ટ્રેનીંગ પ્રોગ્રામ, જોઈન્ટ રીસર્ચ પ્રોગ્રામ, સ્ટુડન્ટ એકસચેઈન્જ અને ફેકલ્ટી એકસચેઈન્જ એમ ચાર મુદ્દાઓ આવરી લેવામાં આવ્યા છે.

ડૉ. કમલેશ જોશીપુરાએ વધુમાં જણાવ્યું હતું કે રાજયના શિક્ષણ વિભાગના અગ્રસચિવ ડૉ. હસમુખભાઈ અઢીયા, કમિશનર ડૉ. જયંતિ રવિ, નોલેજ કન્સોર્ટીયમ ઓફ ગુજરાતના એડવાઈઝર અને સંસ્કૃત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ ડૉ. પંકજભાઈ જાની તેમજ જી.સી.ઈ.આર.ટી.ની ટીમે પણ આ સંદર્ભે ખાસ જહેમત ઉઠાવી હતી.એકેડેમીક સેન્ટરના ઈન્ચાર્જ ડૉ. સુનીલ સાગરે છેલ્લા ઘણાં સમયથી થાઈલેન્ડ ખાતે સમજૂતી કરાર થાય તે માટે ખાસ પ્રયત્નો કર્યા હતાં.

ગઈકાલે ઈન્ડીયન ઈન્સ્ટીટયૂટ ઓફ ટીચર એજયુકેશન દ્વારા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ૨૬ જેટલા એમ.ઓ.યુ. કરવામાં આવ્યા છે. રાજસ્થાન યુનિવર્સિટી (જયપુર)ના કુલપતિ પ્રો. બી.એલ. શર્મા, યુ.જી.સી.ના પૂર્વ સેક્રેટરી પ્રો. જી.ડી. શર્મા, મુંબઈ યુનિ.ના કુલપતિ ડૉ. પ્રો. વિજય ખોલે તેમજ પૂનાના શિક્ષણવિદ્ વગેરે હાજર રહ્યા હતાં.

જમ્મુ કાશ્મીરના પૂંચ જિલ્લામાં સરહદ પર દેશની રક્ષા કાજે નિષ્ઠાથી ફરજ નિભાવતા બે ભારતીય સૈનિકોની પાકિસ્તાન સૈનિકો દ્વારા નિર્દય રીતે ક્રુર હત્યા કરી નાંખતાં સમગ્ર દેશમાં નાપાક કૃત્ય કરનારા પાકિસ્તાની સૈનિકો સામે રોષ ભભૂકી ઉઠ્યો છે. જેના સંદર્ભે પાલનપુરના ગુરુનાનક ચોક ખાતે મીડીયા ગ્રુપ દ્વારા શહિદ જવાનોને કેન્ડલ સળગાવીને શ્રદ્ધાંજલી અર્પિત કરી હતી. જેમાં મીડીયા ગ્રુપના પ્રમુખ સરફરાજ નાગોરી, એલ.સી.બી. પી.આઈ. જે. આર. રબારી તથા નગરસેવક દિનેશ પંચાલ સહિત મીડીયા ગ્રુપના તમામ મીડીયાકર્મી ઉપસ્થિત રહીને શહિદોને શ્રદ્ધાંજલી અર્પિત કરી હતી. (તસવીર : હરેશ જોષી)

વોટર મેનેજમેન્ટ ક્ષેત્રે જ્ઞાન તથા કૌશલ્યના આદાન-પ્રદાન માટે ત્રણ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સાથે સમજૂતિ કરાર

ગાંધીનગર, તા. ૧૧

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૧૩ અંતર્ગત મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં ગ્રીન એન્ડ એફીસીયન્સ વોટર મેનેજમેન્ટ અંગે સેમિનાર યોજાયો હતો. આ સેમિનારમાં ગુજરાતમાં જળસંશાધન વિકાસ માટે મુડી રોકાણ તથા જ્ઞાન કૌશલ્ય આદાન પ્રદાન અંગે મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં આઠ જેટલા સમજૂતિ કરારો સંપન્ન થયા હતા. કલાઈમેન્ટ ચેન્જ વિભાગ દ્વારા શાળાના બાળકો માટે તૈયાર કરવામાં આવેલ પર્યાવરણ અંગેની ડીવીડીનું મુખ્યમંત્રીએ વિમોચન કર્યું હતું.

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબર ઈન્વેસ્ટમેન્ટ સમિટમાં જળસંશાધન ક્ષેત્રે ૬૫ રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય એજન્સીઓ દ્વારા ૭૬ જેટલા પ્રોજેક્ટ માટે રૂ. ૬૧૯૧૩ કરોડના સમજૂતિ કરારની સંમતિ મળી છે. જેના દ્વારા આવનાર દિવસોમાં ૨૭૪૬૯ જેટલી રોજગારીની નવી તકો ઉપલબ્ધ થશે.

જળ સંશાધન વિકાસ માટે ગુજરાતમાં મુખ્યત્વે માળખાકીય પ્રોજેક્ટ, ડીસેલીનેશન ઉપરાંત રૂર્બન પ્રોજેક્ટ, વેસ્ટ વોટર રીસાયકલ અને રીયુઝ તેમજ જળ અને ઉર્જા બચતના ક્ષેત્રોનો સમાવેશ થાય છે. જ્ઞાન તથા કૌશલ્ય આદાન પ્રદાન માટે ડેનીશ વોટરફોરમ, ડેન્માર્ક, ધ સ્કોટીસ વોટર ઈન્ટરનેશનલ, સ્કોટલેન્ડ ધ કલાઈમેન્ટ ગ્રુપ યુ.કે. જેવી આંતરરાષ્ટ્રીય તેમજ રાષ્ટ્રીય સહિત ૨૫ સંસ્થાઓ સાથે સમજૂતિ કરાર કરવામાં આવ્યા છે.

સેમિનારમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતમાં જળ વ્યવસ્થાપન ક્ષેત્રે છેલ્લા દસ વર્ષમાં નોંધપાત્ર કામગીરી કરવામાં આવી છે. રાજયના નાગરિકોને પીવાનું શુદ્ધ પાણી મળે, ખેતી માટે સિંચાઈનું પાણી તેમજ ઉદ્યોગોને પણ જરૂરી માત્રામાં પાણી મળી રહે તે માટે રાજય સરકારે સર્વગ્રાહી આયોજન ઘડી કાઢ્યું છે.

મકરસંક્રાંતિ પર્વ પ્રસંગે પશુઓને ધાન્ય ન ખવડાવવું

ગાંધીનગર, તા. ૧૧

મકરસંક્રાંતિનું પર્વ આપણા રાજયમાં ખુબ જ ઉમંગ અને ઉત્સાહથી ઉજવવામાં આવે છે. આ પર્વમાં અબોલ પશુધનને બાજરી, જુવાર વિગેરે જેવું ધાન્ય પલાળીને, રાંધીને કે દળીને ખવડાવવાની પરંપરા છે. ઘાસચારો ખાતા પ્રાણીઓની પાચન પ્રક્રિયા તદ્દન ભિન્ન પ્રકારની હોઈ આ પ્રકારના ધાન્ય જાણે-અજાણે, અપ્રમાણસર માત્રામાં વધુ પ્રમાણમાં ખવડાવવાથી પશુને એસીડોસીસ, પોઈઝનીંગ, આફરો વિગેરે જેવી જીવલેણ બિમારીઓ થવાની પુરેપુરી સંભાવના હોય છે. આવી આકસ્મિક બિમારીમાં તાત્કાલિક સારવાર ન મળે તો પશુનું મૃત્યુ પણ નિપજે છે. જેના કારણે પશુ માલિકોને ભારે આર્થિક નુકસાની થાય છે. તદ્દ ઉપરાંત, પશુને વધુ પ્રમાણમાં એકલો લીલો ચારો ખવડાવવાથી પણ આ પ્રકારની બિમારીનો ભોગ બને છે.

રાજયના જાગૃત નાગરિક તરીકે આપણા મહામૂલા પશુધનના આરોગ્યની જાણે-અજાણે કોઈપણ પ્રકારની હાનિ ન થાય તે જોવાની આપણા સહુની નૈતિક ફરજ છે. મકરસંક્રાંતિના પર્વ નિમિત્તે આ પ્રકારની રૂચિ-પ્રણાલી મુજબ પશુધનને આ પ્રસંગે ધાન્ય ન ખવડાવવા તથા વધુ પ્રમાણમાં એકલો લીલોચારો ન ખવડાવતા સુકું ઘાસ અથવા સુકું અને લીલું ઘાસ મિશ્રણ કરીને જ ખવડાવવા પશુપાલકો, સેવાભાવી સ્વૈચ્છિક સંસ્થાઓ તેમજ રાજયના તમામ નાગરિકોને સંયમ, વિવેક અને સજાગતા દાખવવા પશુપાલન ખાતા દ્વારા અપીલ કરવામાં આવે છે.

સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખે સન્માન સમારંભ યોજયો

ગાંધીનગર, તા. ૧૧

સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા લગ્નજીવનના ૫૦ વર્ષ પૂર્ણ કરેલ દંપતીઓનું સન્માન તેમજ તેજસ્વી તારલાઓનું સન્માન કાર્યક્રમ યોજાયો હતો.

પૂ. ફૂલશંકર શાસ્ત્રી, નરેશભાઈ દવે. શ્રીમતી પ્રતિમાબેન દવે, ચેતનાબેન બૂચ, પારૂલબેન, સોનલબેનની નિશ્રામાં યોજયો હતો.

આપ્રસંગે ૫૦ દંપતીઓનેશાલથી સન્માન કરવામાં આવ્યું હતું. તેજસ્વી તારલાઓનું સન્માન પણ યોજાયું હતું. આપ્રસંગેબળાત્કાર પીડિતાનેશ્રધ્ધાજંલી અર્પવામાંઆવી હતી.

મહિલા પાંખ છેલ્લા ૧૨ વર્ષથી વિવિધ કાર્યક્રમો યોજીને સમાજના વિકાસમાં મહત્ત્વનું યોગદાન આપે છે. બહેનો વિકાસ માટે લગ્ન બ્યુરો, માર્ગદર્શન, કરાટે તેમજ આરોગ્યલક્ષી કાર્યક્રમો યોજાય છે. મહિલા પાંખના પ્રમુખ શ્રીમતી પ્રતિમાબેન દવેએ મહિલાઓના વિકાસ માટે સતત કાર્યશીલ રહે છે. સંચાલન અર્જનાબેન ગોરે કર્યું હતું. દાતાઓનું સન્માન પણ કરવામાં આવ્યું હતુ.

વણકર સમાજના સમૂહલગ્નમાં લગ્નોત્સુક યુગલો ૧૦મી ફેબ્રુઆરી સુધી નોંધણી કરાવી શકશે

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર વસાહતી બસો બ્યાસી વણકર સમાજની કારોબારી બેઠક સંસ્થાના પ્રમુખ મધુકર પરમારની અધ્યક્ષતામાં મળી હતી. બેઠકમાં સમગ્ર વણકર સમાજનો સમૂહ લગ્ન યોજવાનું નક્કી કરવામાં આવ્યું હતું અને લગ્નોત્સુક ઉમેદવારોને ૧૦મી ફેબ્રુઆરી સુધીમાં ફોર્મ ભરી નોંધણી કરાવવા જણાવાયું છે. સમગ્ર વણકર સમાજનો સમૂહ લગ્નોત્સવ તા. ૨ પમી ફેબ્રુઆરી ૨૦૧૩ને સોમવારે હેલીપેડ, સેકટર-૧૭, ગાંધીનગર ખાતે યોજાશે. જેમાં ગોળ પરગણાના બાધ સિવાય દરેક વણકરબંધુ જોડાઈ શકશે. લગ્નોત્સુક યુગલોએ પોતાના નામ સંસ્થાના હોદ્દેદારો, સેકટર પ્રતિનિધિઓ પાસેથી નિયત અરજી ફોર્મ વિના મૂલ્યે મેળવી તા.૧૦મી ફેબ્રુઆરી ૨૦૧૩ સુધીમાંનિયત ફી ભરી, નામની નોંધણી કરાવવાની રહેશે. આ સમૂહલગ્ન સમારોહને સફળ બનાવવા સંસ્થાના પ્રમુખ મધુકર પરમારે અને મહામંત્રી રમણાલ પરમારે એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

કોડનાની અને બજરંગીની કોર્ટ ટ્રાન્સફરની અરજીને ફગાવાઈ

અમદાવાદ, તા.૧૧

વર્ષ ૨૦૦૨ દરમ્યાન રાજયમાં થયેલા કોમી રમખાણો અંતર્ગત નરોડા-પાટિયા કેસમાં સજા પામેલા ભાજપના પૂર્વ ધારાસભ્ય માયાબેન કોડનાણી અને વી.એચ.પીના નેતા બાબૂ બજરંગીએ ૨૦૦૨ કોમી રમખાણોનો અન્ય નરોડા ગામ કેસની ટ્રાયલ સેશન્સ જજ જ્યોત્સનાબેન યાજ્ઞિકની કોર્ટમાં ન ચાલે તેના માટે જજ બદલવા અંગે અરજી કરી હતી. જેમાં સિટી સિવિલ સેશન્સ કોર્ટ આ બંને આરોપીઓની અરજી ફગાવી દીધી હતી. નરોડા ગામ કેસમાં આરોપી માયાબેન કોડનાણી અને બાબૂ બજરંગી પર ટોળાને ઉશ્કેરવા અને તોફાનો કરાવવા જેવા અનેક આરોપો છે. આ બંને આરોપીઓએ જજ બદલવા અને કેસની ટ્રાયલ સેશન્સ જજ જ્યોત્સનાબેન યાજ્ઞિકની કોર્ટમાં ન ચલાવવા અરજી કરી હતી. જેમાં નામદાર આ બંને આરોપીઓની અરજી ફગાવી દેતા આ બંને આરોપીઓને ફટકાર પડી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ડૉ. માયાબેન કોડનાણી ભાજપના પૂર્વ ધારાસભ્ય અને બાબૂ બજરંગી વી.એચ.પી.ના અગ્રણી નેતા રહી ચૂક્યા છે.

ગાંધી ટુ મહાત્મા પ્રદર્શન ખુલ્લું મૂકતા મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૧૧

મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટના ઉદઘાટન પૂર્વે આજે મહાત્મા મંદિરમાં ''ગાંધી ટુ મહાત્મા'' પ્રદર્શન ખુલ્લું મુકયું હતું.

''મારૂં જીવન એ જ મારો સંદેશ'' એવા યુગપ્રવર્તક આદર્શ માર્ગ દર્શાવતા મોહનદાસ ગાંધીમાંથી મહાત્મા ગાંધી બન્યા તેનું તાદશ્ય દર્શન આ પ્રદર્શનની પ્રસ્તુતિમાં થાય છે.

કંપની સમાચાર

ડાયરેક્ટ બેનિફીટ ટ્રાન્સફર કદાચ શંકાસ્પદ બેનિફીટ ટ્રાન્સફર પણ બની શકે

૫૧ પાયલોટ જિલ્લાઓમાં ડાયરેક્ટ બેનિફીટ ટ્રાન્સફરનું બેન્કીંગ ઈન્ફ્રાસ્ટ્રકચર અસ્તિત્વ ધરાવતું નથી, તેમ સ્કોચ ગ્રુપનાં ચેરમેન શ્રી સમીર કોચરે ફાયનાસિયલ ઈન્કલુઝનનાં સેક્ટર રિપોર્ટની રજુઆત પ્રસંગે જણાવ્યું હતું. આ પગલાંઓ એવું માને છે કે ૫૧ જિલ્લાઓમાં ૧૦૦ ટકા ફાયનાન્સિયલ ઈન્કલુઝન અસ્તિત્વ ધરાવે છે. જે ખોટું છે. થર્ડ પાર્ટી એટીએમ સર્વિસ પ્રોવાઈડર મોનોપોલીઓને કારણે ખાનગીક્ષેત્રનુંવધારે શોષણ થશે. યુપીએ સરકારનાં ડાયરેક્ટર બેનિફીટ ટ્રાન્સફર (ડીબીટી)નાં વિચારમાં મેરિટ પણ ઘણું છે. ખાદ્ય, શિક્ષણ અને સ્વાસ્થ્ય જેવા ક્ષેત્રોમાં વધારે સુભાળપૂર્વકનો અભિગમ જરૂરી છે. સારું શાસન અને પધ્ધતિસરનાં સુધારાઓ ડીબીટીમાં હાથોહાથ પહોંચવા જોઈએ.

અબુધાબીએ ભારતમાં ડેસ્ટીનેશન પ્રમોશન ઓફિસ ખોલી

યુનાઈટેડ આરબ અમીરાતસનું સૌથી મોટું અમીરાત એવા અબુધાબીએ ભારતમાં પ્રતિનિધિ ઓફિસનો આરંભ કર્યો છે.

અબુધાબી ટુરિઝમ એન્ડ કલ્ચર ઓથોરિટી (ટીસીએ અબુધાબી) ની ભારત ઓફિસનો આરંભ કર્યો છે. ભારતનાં મોટાભાગનાં કેન્દ્રો પરથી અબુધાબી ત્રણ કલાકમાં ફલાઈટમાં પહોંચી શકાય છે. અબુધાબી ઈન્ટરનેશનલમાં એરપોર્ટ અને ભારત વચ્ચે સઝાહમાં કુલ ૧૨૪ ફલાઈટો ઉડે છે. ટીસીએ અબુધાબીનાં આંતરરાષ્ટ્રીય પ્રમોશન્સ મેનેજર મુબારક અલ નુઆમીએ જણાવ્યું હતું કે, ભારતમાં છેલ્લા બે વર્ષમાં અમે આયોજન કરેલા રોડ શોનું અને ટ્રેડ ફેર્સ પરથી અમને ભારતીય બજારનો અંદાજ આવ્યો છે. તેનાં ભાગરૂપે અમે ભારતમાં પ્રતિનિધિ ઓફિસ ખોલી રજ્ઝા છીએ. અબુધારીની હોટલોનાં યુકે પછી સૌથી વધારે અધિક મહેમાનો આવતા હોય તો તે ભારતના છે. વર્ષ ૨૦૧૩નો અમારો પ્રથમ આંતરરાષ્ટ્રીય રોડ શો અમે ભારતમાં કરી રજ્ઝા છીએ તેના પરથી આ વાતનો ખ્યાલ આવી શકશે.

વાઈ-ફાઈ નેટવર્ક

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

અનુભૂતિ સહુને થશે. ભારતની આર્થિક પ્રગતિમાં ગુજરાતના નિર્ણાયક યોગદાનની ભૂમિકા તેમણે આપી હતી.

''આપણા સહુનું ધ્યેય અર્થતંત્રને વધુ મજબૂત બનાવવાનું અને માનવ સમાજજીવનને ગુણવત્તાસભર બનાવવાનું છે. આ ગ્લોબલ સમિટના પ્લેટફોર્મ દ્વારા આપણે આપણી સામૂહિક પ્રતિબદ્ધતા વ્યકત કરીએ છીએ'' એમ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું.

ગુજરાત સૌને ભેગા કરવાનું, ભેગા રાખવાનું અને સૌનો સાથ લઈને સમૂહશક્તિથી વિકાસ માટે કાર્યરત રહેવાનું સમાજસંસ્કારનું ધ્યેય ધરાવે છે એનો ગૌરવસહ ઉલ્લેખ કરતાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આધુનિક વિશ્વના વિકાસ માટેના ત્રણ આધારસ્થંભ ગણાવ્યા હતા. તેમણે જણાવ્યું કે **SCALE-SKILL AND SPEED** ના ત્રણ આવિષ્કારોથી આપણે સામૂહિક શક્તિથી આવતીકાલની પેઢીઓનું વિશ્વ તૈયાર કરવાનું છે.

ઈતિહાસનો બોધપાઠ એ છે કે શોષણ આધારિત અર્થવ્યવસ્થા કામિયાબ બનતી નથી. કુદરતી સંસાધનો, માનવજાત, વંચિતોના શોષણને બદલે જનશક્તિને વિકાસમાં ભાગીદાર બનાવીને ૨૧મી સદીમાં શોષણવિહિન અર્થનીતિની આ ગ્લોબલ સમિટ છે. ગુજરાતની આ ગ્લોબલ સમિટ આર્થિક નીતિ નિર્ધારકો માટે દિશાદર્શક બની રહેવાની છે.

મુખ્ય મંત્રીશ્રીએ ટેકનોલોજી, નોલેજ અને યુથફોર્સની પાવરશક્તિનું સામર્થ્ય ધરાવતા ભારતમાં વિકાસના વિરાટ સામર્થ્યને ઓળખ આપવા અનુરોધ કર્યો હતો. ગુજરાતના વિકાસ મોડેલથી કરોડોના માનવીય ચહેરા ઉપર ખુશી દેખાય છે અને હવે ગુજરાત બીજી ઉડાનમાં મેન્યુફેકચરીંગ, સર્વિસ અને એગ્રીકલ્ચર સેકટરને નવી ચાઈ ઉપર લઈ જવા માંગે છે. ગુજરાતે વિશ્વકક્ષાના માળખાકીય સુવિધા વિકાસ માટે ચી ઉડાન ભરી છે. વિશ્વસ્તરના ઈન્વેસ્ટમેન્ટ રિજીઅન અને સ્માર્ટ સીટીઝના આયોજનો અમલમાં મુકયા છે.

પોર્ટ, રોડ, બ્રોડ બેન્ડ કનેકટીવિટી, રેઈલ લોજિસ્ટીક કોમ્યુનિકેશન નેટવર્ક, ટ્રાન્સપોર્ટ, હેલ્થ, એજ્યુકેશન, ટુરીઝમ જેવા તમામ મોર્ડન ઈન્ફ્રાસ્ટ્રકચર ગુજરાત સાકાર કરી રહયું છે. ગુજરાતે દેશની સમસ્યાઓના સમાધાન માટે પાયાનું ચિંતન કરીને અનેક નવા આયામો સફળ બનાવ્યા છે તેની રૂપરેખા આપતાં મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે, વિકાસમાં જનશક્તિને જોડીને પ્રગતિમાં ભાગીદાર બનાવવાની નીતિ ફળદાયી રહી છે.

શબ્દાવલી - ૪૯૪૯

૧	૨	૩		■	૪		૫
૬			■	૭		■	
	■		૮			૯	■
૧૦		૧૧	■		■	૧૨	૧૩
	■		■	૧૪	૧૫	■	
■	૧૬			■	૧૭	૧૮	
૧૯			■	૨૦			■
■		■	૨૧			■	૨૨

આડી ચાવી

૧. મહેફિલ, જલસો (૪)
૪. જે ગામમાં પલ્લી ભરાય છે તે (૩)
૬. મસાલામાં વપરાતુંએક કંદ (૩)
૭. પાપ કરનાર (૨)
૮. આંખો... હોય તો સરસ લાગે (૪)
૧૦. લંચ બોકસ (૩)
૧૨. સડવું તે, ... થવો (૨)
૧૪. આત્મા (૨)
૧૬. બંધન, પરવશતા (૩)
૧૭. ધૂળની... ઉડે (૩)
૧૯. સબાકો આવવો, ... આવવો (૩)
૨૦. હેસિયત (૩)
૨૧. પારકું (૩)
૨૨. અરજ કરવી, ... નાખવી (૧)
(રાજાના દરબાર વખતનો પ્રખ્યાત શબ્દ)

ઊભી ચાવી

૧. ડોલચું (૫)
૨. શ્રેય, યશ (૨)
૩. તીર (૨)
૪. ભારતનું ચલણી નાણું (૩)
૫. દૂધ-દહીંનું એક પીણું (૨)
૭. માટલા મુકાય તે જગ્યા (૪)
૯. ચીડ, રોષ (૨)
૧૧. વીરપુરૂષ (૪)
૧૩. ડોસીમાને તુચ્છકારમાં... કહે છે (૩)
૧૩. ... ફૂતરૂં કરડે તો હડકવા ઉપડે (૪)
૧૬. પથ્થર, પાણકો (૩)
૧૮. વિચાર (૨)
૨૦. નજીક, પાસે (૨)

શબ્દાવલી ૪૯૪૮ના જવાબ

આડી ચાવી :- (૧) ધડકન (૫) ઉપમા (૭) મરસીયા (૮) દલા (૯) રોપો (૧૦) વિધિસર (૧૨) ળક (૧૩) કવિ (૧૪) સમધન (૧૭) વિફળ (૧૯) કાર્તિકેય (૨૧) નર (૨૨) પતાકડું

ઊભી ચાવી :- (૧) ધમરોળવું (૨) ડરપોક (૩) કશી (૪) નયા (૫) ઉદધિ (૬) પલાસ (૧૦) વિવિધ (૧૧) રખેવાળ (૧૩) કમનીય (૧૫) નવિનતા (૧૬) કીર્તિ (૧૮) ફરક (૧૯) કાર્ય (૨૦) કેળ

નર્મદા જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

ઓનલાઈન ટેન્ડર નિવિદા નં.૧૪ સને ૨૦૧૨-૧૩

૧	કામનું નામ	સાબરમતી જમણાકાંઠા મુખ્ય નહેરની ટેઈલ ડીસ્ટ્રીબ્યુટરી અને શા.નં. ૩ની સાં.૪૩.૪૭૨ના એચ.આર./સી.આર. ગેટ તથા કેનાલ ચોકી અને કુંતામાતા વાવનું કામ.
૨.	અંદાજીત રકમ રૂ. લાખમાં	રૂ. ૨.૫૧ લાખથી ૮૩.૪૭ લાખ સુધી કુલ રૂ. ૯૬.૮૯ લાખ (ચાર કામ)
૩.	ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય (ઓનલાઈન)	તા. ૨૯-૦૧-૨૦૧૩ સમય : ૧૮.૦૦ કલાક સુધી
૪.	કચેરીનું સરનામું ટેલીફોન અને ફેક્સ નંબર	કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, ધરોઈ નહેર વિભાગ નં.-૩, વિસનગર ફોન નંબર (૦૨૭૬૫) ૨૩૧૦૨૪ ફેક્સ નંબર (૦૨૭૬૫) ૨૩૧૮૭૧

૫ વધુ જાણકારી માટે www.statetenders.com અને www.nprocure.comનો સંપર્ક કરવો.

કમાંક : નામાનિ/મહે/૩૭૫/૧૨-૧૩

જાહેર નિવિદા

વાહન સુવિધા (હંકારનારની સેવા સાથે) વાર્ષિક કરારના ધોરણે પૂરી પાડવા બાબત

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળની કચેરીમાં વાહન સુવિધા (હંકારનારની સેવા સાથે) પૂરી પાડવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલા ટેન્ડરો સીલબંધ કવરમાં ફક્ત રજી.પો.એ.ડી.થી પૂર્વ લાયકાત અને ભાવપત્રકના ટેન્ડર ફોર્મ અલગ અલગ કવરમાં માંગવામાં આવે છે. કોરા ટેન્ડર ફોર્મ (નોન ટ્રાન્સફરેબલ) ચાલુ કામકાજના દિવસોએ સવારના ૧૧-૦૦ થી ૧૬-૦૦ કલાક વચ્ચે તા. ૧૧/૧/૨૦૧૩ થી તા. ૫/૨/૨૦૧૩ સુધીમાં ગૌણ સેવા પસંદગી મંડળની કચેરી ખાતેથી અરજી સાથે રૂ. ૧૦૦૦/- રોકડેથી (પરત નહીં ચુકવવા પાત્ર) ટેન્ડર ફીની ચુકવણી કર્યેથી રૂબરૂ મેળવી શકાશે. કોઈપણ ટેન્ડર કે તમામ ટેન્ડરો કોઈપણ કારણો દર્શાવ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર આ કચેરીને રહેશે અને ટેન્ડર ભરનારને કચેરીના વખતોવખતના હુકમો બંધનકર્તા રહેશે. ઈચ્છા ધરાવતી એજન્સીઓ દ્વારા કચેરીની મુલાકાત લઈ કચેરીની જરૂરિયાત, કચેરીની સ્થિતિ વગેરેથી સુમાહિતગાર થઈ શકાશે. આ કામ અંગે પ્રીબીડ મીટીંગ તા. ૧૭/૧/૨૦૧૩ના રોજ ૧૨-૦૦ કલાકે કચેરી ખાતે રાખેલ છે. પૂર્વ લાયકાત અને ભાવપત્રકના અલગ ભરેલા ટેન્ડર ફોર્મ અર્નેસ્ટ મની ડીપોઝીટ સાથે મંડળની કચેરીને રજી. પો.એ.ડી.થી તા. ૭/૨/૨૦૧૩ના રોજ ૧૮-૦૦ કલાક સુધીમાં મળી જાય તેમ મોકલવાના રહેશે.

સ્થળ : ગાંધીનગર
તા. ૧૦/૧/૨૦૧૩
માહિતી/૨૦૦૮/૧૨/૧૩

સચિવ
ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,
ગાંધીનગર

જાહેર નિવિદા

કચેરી સુવિધા વ્યવસ્થાપનની સેવા પુરી પાડવા અંગે

નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાની કચેરીમાં વહીવટી કામગીરી સરળતાથી કરવા માટે જરૂરી એવી સર્વ આનુષાંગિક સેવાઓ સફાઈ કામ અને સ્વચ્છતા જાળવણીની સેવા પુરી પાડવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલા ટેન્ડરો સીલબંધ કવરમાં ફક્ત રજી. પો.એ.ડી.થી પૂર્વ લાયકાત અને ભાવપત્રકના ફોર્મ તર